### આણંદની તાલુકા પંચાયતમાં બક્ષીપંચ અને મહિલા અનામતે જૂના જોગીઓના સપના રોળ્યા

# આણંદની ચાર તાલુકા પંચાયતમાં નારીશક્તિનો દબદબો જોવા મળશે

**આણંદ અને** આંકલાવમાં ઓબીસી શાસનનો માર્ગ મોકળો થયો

(પ્રતિનિધિ) આણંદ તા.29

આણંદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પૂર્ણ થઈ છે. આંકલાવ સિવાય તમામ તાલુકા પંચાયતમાં ભાજપનો વિજય થયો છે. જોકે, આ પૂર્વે જ પંચાયતમાં પ્રમુખપદને લઈ રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચ્યો હતો. રાજ્યના વિકાસ કમિશનર દ્વારા આણંદ જિલ્લાની 8 તાલુકા પંચાયતોના પ્રમુખપદ માટે અનામત રોટેશનની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં 4માં મહિલા અનામતનો સમાવેશ થાય છે.

આણંદની 8 તાલુકા પંચાયતમાં નવા રોસ્ટરને કારણે મહિનાઓથી પ્રમુખપદ મેળવવા માટે લોબિંગ કરી રહેલા અનેક દિગ્ગજ નેતાઓના ગણિત ઊંધા વળી ગયા હતો. જોકે, કેટલાકે તો ચૂંટણી લડવાનું જ માંડી વાળ્યું હતું. નવા જાહેર કરાયેલા રોટેશન મુજબ, આણંદ તાલુકા પંચાયતનું પ્રમુખપદ હવે બક્ષીપંચ (OBC) વર્ગ માટે અનામત રાખવામાં આવ્યું છે, જ્યારે આંકલાવમાં બક્ષીપંચ મહિલા પ્રમુખ બનશે. આ ફેરફારને કારણે આ બંને તાલુકામાં સામાજિક સમીકરણો બદલાશે અને નવી રાજકીય લોબીઓ ઉભી થવાની પૂરેપૂરી શક્યતા છે. બીજી તરફ, બોરસદ, સોજીત્રા અને ઉમરેઠમાં સામાન્ય મહિલા અનામત જાહેર થતા મહિલા પાંખમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર, જે નેતાઓ સામાન્ય બેઠક પરથી પ્રમુખ બનવાની મહત્વાકાંક્ષા રાખતા હતા, તેઓએ ચૂંટણી લડવાનું માંડી વાળ્યું હતું. જિલ્લામાં પ્રમુખપદ માટે સામાન્ય બેઠકો માત્ર ચાર જ હોવાથી, સત્તામાં વર્ચસ્વ જાળવી રાખવા માટે જાણીતા નેતાઓએ હવે નાછૂટકે ઉપપ્રમુખપદથી સંતોષ માનવો પડશે. અલબત્ત, ઉપપ્રમુખપદ માટે પણ પક્ષની અંદર આંતરિક સ્પર્ધા જામવાની શક્યતા છે, જે મોવડી મંડળ માટે 'માથાનો દુખાવો' સાબિત થઈ શકે છે.

આણંદ તાલુકા પંચાયતમાં 30માંથી 25 બેઠક ભાજપને મળી છે. તે રીતે ઉમરેઠમાં 22માંથી 15, આંકલાવમાં 20માંથી 7, બોરસદમાં 34માંથી 23, પેટલાદમાં 28માંથી 26 અને તારાપુરમાં 16માંથી 12 બેઠક મેળવી છે.

**કયા તાલુકા પંચાયતમાં કોનું શાસન આવશે?**

બિનઅનામત : પેટલાદ, ખંભાત અને તારાપુર.
સામાન્ય મહિલા અનામત : બોરસદ, સોજીત્રા અને ઉમરેઠ.
બક્ષીપંચ : આણંદ.
બક્ષીપંચ મહિલા : આંકલાવ.

### હૃદયદ્રાવક ઘટના | સામાન્ય ઝઘડામાં પતિનો પત્ની પર હુમલો

# બાલાસિનોરના ઓથવાડ ગામમાં પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી

**12 વર્ષ પહેલા** પ્રેમ લગ્ન કરનાર દંપતી વચ્ચે ખેલાયો લોહિયાળ ખેલ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.29

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં સામાન્ય ઝઘડામાં પતિએ પોતાની જ પત્નીને ક્રૂરતાપૂર્વક માર મારી મોતને ઘાટ ઉતારી દીધી છે. 12 વર્ષના લગ્ન જીવન અને ત્રણ સંતાનો હોવા છતાં, આવેશમાં આવી પતિએ પત્નીની હત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક કિંજલબેન ઉર્ફે પુની (ઉંમર વર્ષ 35) એ 12 વર્ષ પહેલા ચંપકભાઈ રાભાભાઈ ઠાકોર સાથે ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ તેઓ ઓથ ચોરાડુંગરી ખાતે સાસરીમાં રહેતા હતા. ગત તારીખ 26મી એપ્રિલના રોજ બપોરના સમયે દંપતી વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયો હતો. આ તકરાર દરમિયાન ઉશ્કેરાયેલા પતિ ચંપકભાઈએ કોઈ હથિયાર કે ચીજવસ્તુ વડે કિંજલબેનને નાકના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના પરિણામે તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતા જ્યારે 27મી એપ્રિલના રોજ પિયર પક્ષના લોકો ઓથવાડ પહોંચ્યા, ત્યારે કિંજલબેન ખાટલામાં લોહીલુહાણ અને મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ જોતા જ પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો.

આ મામલે મૃતક કિંજલબેનના દાદા સુરસિંગભાઈ નવાભાઈ નાયકાએ બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી પતિ ચંપક રામાભાઈ ઠાકોર વિરુદ્ધ પત્નીની હત્યાની ફરિયાદ નોંધાવતાં પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાના પગલે બાલાસિનોર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.

# બોરસદમાં શિક્ષકના ઘરમાંથી ₹1.10 લાખની મતાની ચોરી

**દીકરીના** લગ્ન પ્રસંગ બાદ પરિવાર કુળદેવીના દર્શને ગયો અને તસ્કર ત્રાટક્યાં

(પ્રતિનિધિ) બોરસદ તા.29

આણંદ જિલ્લાના બોરસદ શહેરની ભક્તિ નંદન સોસાયટીમાં ધોળે દિવસે ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. બોરસદના કંકાપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયદીપસિંહ જેંઠુસિંહ રાજપુતના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો અંદાજે રૂ.1,10,400ની માલમત્તા ચોરી કરી પલાયન થઈ ગયા છે.

આ ઘટનાની વિગત મુજબ, જયદીપસિંહનો પરિવાર દીકરીના લગ્ન પ્રસંગ બાદ ગત 23મી એપ્રિલના રોજ મકાનને તાળું મારી કુળદેવીના દર્શનાર્થે ગયો હતો. આ દરમિયાન 25મી એપ્રિલની વહેલી સવારે તસ્કરોએ બંધ મકાનના લાકડાના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

તસ્કરોએ તિજોરી અને કબાટમાં રાખેલો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને લોકરમાંથી સોના-ચાંદીના ઘરેણાં તેમજ રોકડની ચોરી કરી હતી.ચોરી થયેલી વસ્તુઓમાં સોનાની ચેઈન, પેન્ડલ, બે જોડ બુટ્ટી, સોનાનું બ્રેસલેટ, 19 નંગ ચાંદીની પ્લેટ વાળી મૂર્તિઓ અને રૂ. 12 હજારની રોકડનો સમાવેશ થાય છે. આ મામલે જયદીપસિંહ રાજપુતે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ધારાસભ્ય ગુલાબસિંહના ભાઈની હાર સાથે કોંગ્રેસના ગઢ વિરાણીયામાં ગાબડું

# મહીસાગરમાં કેસરીયો પૂર: જિ. પંચાયતની 28માંથી 26 બેઠક પર ભાજપનો ભવ્ય વિજય

**આઠ તાલુકા** પંચાયતોમાં પણ ભાજપનું એકહથ્થુ શાસન

(પ્રતિનિધિ) વીરપુર તા.29

મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ વિરોધ પક્ષોનો સફાયો કરીને પ્રચંડ બહુમતી સાથે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. જિલ્લા પંચાયતની 28 બેઠકોમાંથી 26 બેઠકો પર વિજય મેળવી ભાજપે જિલ્લામાં પોતાની પકડ મજબૂત કરી છે. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, 'આપ' અને અપક્ષો વચ્ચે રસાકસી હોવા છતાં, અંતે જિલ્લા અને તમામ 8 તાલુકાઓમાં ભગવો લહેરાયો છે.

આ ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર લુણાવાડાના કોંગ્રેસના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણના ગઢ ગણાતા વિરાણીયામાં જોવા મળ્યો છે. અહીં ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ બારીયાએ ધારાસભ્યના ભાઈ ભારતસિંહ ચૌહાણને 180 મતોથી હરાવીને મોટી જીત હાંસલ કરી છે. બીજી તરફ, ભાજપનો ગઢ ગણાતી બાલાસિનોરની પાંડવા સીટ પર અપક્ષ ઉમેદવાર ઈન્દ્રજીતસિંહ ચૌહાણે જીત મેળવી સૌને ચોંકાવી દીધા છે.

**આઠ તાલુકા પંચાયતની પરિણામલક્ષી સ્થિતિ**

**લુણાવાડા (22 સીટ):** ભાજપ-18, કોંગ્રેસ-04
**સંતરામપુર (24 સીટ):** ભાજપ-20, કોંગ્રેસ-01, આપ-03
**વીરપુર (18 સીટ):** ભાજપ-14, કોંગ્રેસ-02, આપ-01, અન્ય-01
**બાલાસિનોર (18 સીટ):** ભાજપ-10, કોંગ્રેસ-04, આપ-01, અન્ય-03
**કોઠંબા (16 સીટ):** ભાજપ-13 (+1 બિનહરીફ), કોંગ્રેસ-02
**ખાનપુર (16 સીટ):** ભાજપ-12, કોંગ્રેસ-04
**ગોધર (16 સીટ):** ભાજપ-12, કોંગ્રેસ-03, અન્ય-01
**કડાણા (20 સીટ):** ભાજપ-12, કોંગ્રેસ-08

**મહીસાગર જિલ્લા પંચાયતની સ્થિતિ**

**કુલ બેઠક :** 28 — **ભાજપ:** 26 બેઠકો
**કોંગ્રેસ:** 01 બેઠક (માલવણ) — **અપક્ષ:** 01 બેઠક (પાંડવા)

મહીસાગર પરિણામો જાહેર થતાની સાથે જ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વિરપુર સહિતના વિસ્તારોમાં વિજેતા ઉમેદવારોએ ફટાકડા ફોડી અને ડીજેના તાલે વિજય સરઘસ કાઢીને જીતની ઉજવણી કરી હતી.

### પોલીસે મકાનનું નળિયું ખોલી અંદર પ્રવેશ કર્યો

# કડાણામાંથી 3.76 લાખનો વિદેશી દારૂનો ઝડપાયો

**લિસ્ટેડ** બુટલેગર સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.29

મહીસાગર જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓને ડામવા માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત કડાણા પોલીસે ડાહ્યાપુર ગામે દરોડો પાડી પોણા ચાર લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

કડાણા પોલીસને બાતમી મળી હતી કે ડાહ્યાપુર ગામની સીમમાં અમરાભાઈ કાળુભાઈ ખાટાના બંધ મકાનમાં વિદેશી દારૂનો વેપલો ચાલે છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બુટલેગરના મકાનની છત પર ચડી, વિલાયતી નળિયાં ખોલીને તપાસ કરી હતી. મકાનમાં દારૂનો જથ્થો હોવાની પુષ્ટિ થતા પોલીસે મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આ તપાસ દરમિયાન પોલીસે કુલ 1435 નંગ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો અને બીયર ટીનનો જથ્થો કબજે કર્યો હતો, જેની કુલ કિંમત રૂ. 3,76,015 થાય છે. આ નેટવર્કમાં મુખ્ય આરોપી અમરા કાળુભાઈ ખાટા ઉપરાંત લિસ્ટેડ બુટલેગર સુખા વીરાભાઈ ડામોર અને તેની પત્ની સન્નીબેન ઉર્ફે શાન્તાબેન સામેલ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. જોકે, પોલીસ રેઈડ દરમિયાન આ ત્રણેય આરોપીઓ હાજર મળી આવ્યા ન હતા. આથી,પોલીસે ત્રણેય સામે કડાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વિદ્યાનગરની આઈબી પટેલ ઈંગ્લિશ સ્કૂલનું ધોરણ 9નું 99.11 ટકા ઝળહળતું પરિણામ

**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલના ધોરણ 9ના કુલ 128 વિદ્યાર્થીઓમાંથી 99.11 ટકા વિદ્યાર્થીઓ આ વર્ષે સફળ રહ્યા છે. આ પરિણામમાં 5 વિદ્યાર્થીઓએ એ-1 ગ્રેડ અને 15 વિદ્યાર્થીઓએ એ2 ગ્રેડ મેળવીને શાળાની શૈક્ષણિક ગુણવત્તાનું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું છે. આ શાળાના શિક્ષકોના સતત માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતને કારણે આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. આચાર્ય ભાવેશભાઈ ભટ્ટે તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેઓ ભવિષ્યમાં વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.



### આણંદ કૃષિ યુનિવર્સિટીમાં નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પમાં 118 બાળકોએ લાભ લીધો

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે તાજેતરમાં નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી કલ્યાણની કચેરી દ્વારા આયોજિત આ કેમ્પમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને શ્રમિકોના 0થી 15 વર્ષના કુલ 118 બાળકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યુ વલ્લભ વિદ્યાનગર અને હેલ્થ સેન્ટરના સ્ટાફ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કૃષિ યુનિવર્સિટી વસાહતીઓના બાળકોના સ્વાસ્થ્ય વર્ધન હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખાનપુરની ભાણપુર પ્રાથમિક શાળાના 71મા સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરાઇ



**ખાનપુર |** ખાનપુર તાલુકાની ભાણપુર પ્રાથમિક શાળામાં 71મો સ્થાપના દિવસ ઉત્સાહભેર મનાવાયો, જેમાં SMC સભ્યો અને વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. આ વિશેષ પ્રસંગે ચિત્રકલાના વ્યવસાય સાથે જોડાયેલા દાતા દ્વારા પોતાની 200મી શાળાની યાદગીરી રૂપે બાળકોને તિથિ ભોજન અને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. શાળાના મુખ્ય શિક્ષકે બાળકોને આ દિવસના ઐતિહાસિક મહત્વ અને શિક્ષણના મૂલ્યો વિશે વિસ્તૃત સમજ આપી હતી. આમ, શિક્ષણની સાથે સામાજિક સેવાનો સમન્વય સાધીને શાળાના સ્થાપના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

### સ્પેક - એમબીએ કોલેજમાં 'સ્ટુડન્ટ ઇનોવેશન એન્ડ પ્રોટોટાઇપ ઇવેલ્યુએશન પ્રોગ્રામ' યોજાયો

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત SPEC-MBA, બાકરોલ ખાતે SSIP 2.0 અંતર્ગત વિદ્યાર્થીઓની નવીન કલ્પનાઓ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા 'સ્ટુડન્ટ ઇનોવેશન પ્રોગ્રામ-2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોટોટાઇપ રજૂ કર્યા હતાં. સંસ્થાના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને પ્રો. નૈતિક રામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને પ્રાયોગિક અભિગમનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટી મંડળે તમામ સહભાગી વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને શુભેચ્છા પાઠવી હતી.



### વિદ્યાનગરની એસ.જી. પટેલ હોસ્પિટલ ખાતે નિ:શુલ્ક કાન નિદાન કેમ્પ યોજાયો

**આણંદ |** સીવીએમ સંચાલિત એસ.જી. પટેલ હોસ્પિટલમાં ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય શ્રવણ દિવસ નિમિત્તે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શાલાક્ય વિભાગના એચ.ઓ.ડી. ડો. વિમલ પંચાની અને તેમની ટીમ દ્વારા બહેરાશ, કાનમાં અવાજ આવવો તથા ચક્કર જેવા રોગોનું મફત નિદાન અને માર્ગદર્શન અપાયું હતું. આ કેમ્પમાં દર્દીઓને નિ:શુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને કાનની વિવિધ થેરાપી પર 10 ટકા ડિસ્કાઉન્ટની રાહત પણ આપવામાં આવી હતી. આ સફળ કેમ્પમાં કુલ ૫૯ જેટલા દર્દીઓએ પોતાની તપાસ કરાવીને લાભ લીધો હતો.



### નડિયાદની સલુણની પ્રાથમિક શાળામાં બાળકોને માનવ તસ્કરી ને બાળ સુરક્ષા અંગે સભાન કરાયા

**નડિયાદ |** નડિયાદના સલુણ સ્થિત વૈદ્યના કૂવા પ્રાથમિક શાળામાં માનવ તસ્કરી અને ગેરકાયદે બાળ મજૂરી જેવી સમસ્યાઓ સામે જાગૃતિ લાવવા વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આર.સી. મિશન શાળાના સિસ્ટર જોકીના અને સિસ્ટર થેરેસિટાએ બાળકોને માનવ તસ્કરીના જોખમો અને તેનાથી બચવા માટેની સમજ આપી હતી. આ પ્રસંગે બાળકોને 'સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શ' તેમજ જાદુઈ શબ્દો વિશે માહિતગાર કરી સ્વ-સુરક્ષાના મહત્વના પાઠ ભણાવવામાં આવ્યા હતા. આ શાળાના આચાર્ય સંજય વાઘેલાએ બાળકોના જીવનમાં ઉપયોગી એવી આ જાણકારી બદલ ઉપસ્થિત સિસ્ટરોનું સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો.



### બાકોરની એમ. એમ. ગાંધી પ્રાયમરી સ્કૂલમાં ક્વિઝ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો

**ખાનપુર |** ખાનપુર તાલુકાની એમ. એમ. ગાંધી પ્રાયમરી સ્કૂલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય દક્ષાબેન જોષી અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પાંચ રાઉન્ડના રસાકસીભર્યા અંતે ટીમ B એ પ્રથમ, ટીમ C એ દ્વિતીય અને ટીમ A એ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ અને જિજ્ઞાસા વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ કાર્યક્રમ બદલ શાળા પરિવારે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.



### કપડવંજમાં વી. એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે છાશ વિતરણ શરૂ કરાયું

**કપડવંજ |** કપડવંજમાં વી. એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને ઠંડક અને તાજગી મળે તે હેતુથી સતત 7 અઠવાડિયા સુધી વિનામૂલ્યે છાશ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાકીય પ્રવૃત્તિમાં રતનબેન નટવરભાઈ પટેલ (પરિશ્રમ ગ્રુપ), શારદાબેન કાંતિલાલ પરીખ પરિવાર અને સ્વ. મફતલાલ પુજાલાલ પટેલ પરિવારના વિશેષ સહયોગથી આ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરના ટી.એફ. હોસ્પિટલ અને બસ સ્ટેશન જેવા જાહેર સ્થળો પર દરરોજ અંદાજે 900 જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવે છે.



### કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન

**કપડવંજ |** જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં વર્ષ 2025-26 દરમિયાન શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે ટ્રસ્ટી વિપુલભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને શિક્ષણ, રમત-ગમત અને કલા ક્ષેત્રે મેળવેલી ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો આપી મંચ પર સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના ડિરેક્ટર સિદ્ધાર્થ પટેલ અને પ્રિન્સિપાલ જય ચોકસીએ જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને તેમની મહેનતને યોગ્ય ઓળખ આપે છે.



### કપડવંજના આતરસુંબાના 504 વર્ષ પ્રાચીન જૈન તીર્થની સાલગીરાની ભવ્ય ઉજવણી

**કપડવંજ |** કપડવંજ તાલુકાના આતરસુંબા ગામે 504 વર્ષથી વધુ પ્રાચીન જૈન દેરાસરની સાલગીરા હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. આ પવિત્ર અવસરે 18 અભિષેક પૂજન અને ધ્વજારોહણના વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ ધર્મોત્સવમાં મોટી સંખ્યામાં જૈન ભાઈ-બહેનોએ શ્રદ્ધાપૂર્વક ઉપસ્થિત રહીને પ્રભુ ભક્તિનો રૂડો લાભ લીધો હતો. ઐતિહાસિક અને પ્રાચીન તીર્થમાં યોજાયેલી આ વર્ષગાંઠની ઉજવણીથી સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.



### વલ્લભ વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટી દ્વારા 'SustainX 2026' આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે

**આણંદ |** વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી દ્વારા 30મી એપ્રિલથી 2જી મે, 2026 દરમિયાન બીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ 'SustainX 2026' યોજાશે. આ કોન્ફરન્સનો મુખ્ય વિષય 'સ્માર્ટ, ગ્રીન અને સર્વસમાવેશક સમાજનું નિર્માણ' રાખવામાં આવ્યો છે, જે જીસેટ ઓડિટોરિયમ ખાતે યોજાશે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ અને અતિથિ વિશેષ તરીકે મેહુલ પટેલ ઉપસ્થિત રહેશે. રજિસ્ટ્રાર પ્રો. ડો. સંદીપ વાલિયાએ આ સમિટને વૈશ્વિક ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટેની એક પરિવર્તનકારી ક્ષમતા ગણાવી છે. આ કોન્ફરન્સ સંશોધકો અને નેતાઓ માટે ગ્રીન અને વધુ સ્થિતિસ્થાપક ભવિષ્ય ઘડવા માટે સાથે મળીને કામ કરવાનો મજબૂત સંદેશ આપે છે. વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, આઈટીએચસી અને એટલાસના શૈક્ષણિક સહયોગમાં આ વૈશ્વિક વિચારકોને એક મંચ પર લાવવાનું આયોજન છે. આ કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયા, યુકે અને ન્યુઝીલેન્ડના આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ વક્તાઓ અને વિદ્વાનો પોતાના મંતવ્યો રજૂ કરશે.